

# સદ્‌ગુરુ સંત પૂજ્ય પૂનમદાદાને આર્તહૃદયે અર્પણ શ્રદ્ધાસુમન !

સદ્‌ગુરુ સંત પૂજ્ય પૂનમદાદાના અક્ષરધામગમન નિમિત્તે ૧૩ અને ૧૪ ઑક્ટોબરના રોજ ઑનલાઇન પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે યુ.કે.થી યોગેન્દ્રભાઈ, અમેરિકાથી સાધુ પૂ. કૌશિકદાસજી, સેલમથી રણછોડભાઈએ માહાત્મ્યગાન દ્વારા પ્રાર્થના સાથે શ્રદ્ધાપુષ્પ અર્પણ કર્યાં. તેમજ પવઈથી પૂ. ભરતભાઈ, હરિધામ-સોખડાથી પૂ. પ્રેમસ્વરૂપદાસ સ્વામીજી, દિલ્હીથી પૂ. ગુરુજી-મુકુંદજીવનદાસ સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિદાદાએ પણ આશિષ પાઠવી સૌને અનુપમ બળ પ્રદાન કર્યું. બીજા દિવસે અમેરિકાથી સાધુ પૂ. અરવિંદદાસજી તથા ડૉક્ટર વિષ્ણુદાદા, યુ.કે.થી સતીશભાઈ ચતવાણી, સાધુ પૂ. પરેશદાસજી, સાધુ પૂ. દિલીપદાસજીએ માહાત્મ્યવંદના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સદ્‌ગુરુ સંત પૂજ્ય શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી સૌને શાતા પમાડી.

તદુપરાંત અનેક અક્ષરમુક્તોએ તેમજ વિવિધ સંસ્થાઓના સંતોએ પ્રાર્થનાપૂર્ણ હૃદયભાવયુક્ત સંદેશાઓ મોકલી વંદના ધરી તે પૈકીના કેટલાક સંદેશાઓ અત્રે પ્રકાશિત કર્યા છે.

पतंजलि योगपीठ (ट्रस्ट)
Patanjali Yogpeeth (Trust)

...परम पूज्य सन्त पूनमभाई जी के परलोक गमन का दु:खद समाचार प्राप्त हुआ। उनके बिछड़ने के समाचार से हृदय को वेदना व कष्ट का अनुभव हुआ, वर्षों से उनके प्रति अनन्य भाव से जुड़ाव व अपनापन प्राप्त होता रहा। उन जैसे सरल, सहज आध्यात्मिक व्यक्तित्व अब हमारे बीच नहीं रहें। दैवेच्छा बलीयसि।...

भवदीय,
(आचार्य बालकृष्ण)
महामंत्री

जय स्वामिनारायण

श्री अक्षरपुरुषोत्तम स्वामिनारायण मंदिर

'ताड़देव', काकाजी लेन, स्वामिनारायण मार्ग, अशोकविहार: फेज़-II, दिल्ली-110 052 (भारत) • दूरभाष: 2730 1327, 4709 1281
फैक्स: 4709 1280, ई-मेईल: taaddev@ydsd.org

...ખરેખર સંતભગવંત સાહેબને ગુરુવર્ય યોગીજી મહારાજનું સ્વરૂપ માનીને જે રાંકભાવે એમણે એમનું સેવન કર્યું એ સહુ માટે આદર્શરૂપ છે.

વળી, કોઈની નજરમાં આવ્યા વગર, મૂક રહીને એમણે ચૈતન્યોની જે માવજત કરી છે, એ સંતભગવંત સાહેબ પ્રત્યેની એમની અનુપમ પ્રીતિ દર્શાવે છે.

તો, આવા ભક્તિસભર હૃદયના પ.પૂ. પૂનમભાઈને અંતરથી શ્રદ્ધાંજલી અર્પતા, સહુ સ્વરૂપોના શ્રીચરણે પ્રાર્થના છે કે -

અમે એવું ભજન કરીએ કે એમના જેવા ગુણો પ્રાપ્ત થાય,
જેથી પ્રત્યક્ષ સ્વરૂપોને રાજી કરી, એમની જેમ જીવતરને ધન્ય કરીએ...

દિલ્હી મંદિરના સહુ સંતો-મુક્તો વતી
**સાધુ મુકુંદજીવનદાસ**નાં ભાવભર્યાં જય સ્વામિનારાયણ !

www.ydsd.org





**Hariom. Pranams.**

Jai Sri Swaminarayan.

Sad news of sudden demice of most worshipful Sant Sri poonam dada has received from pujya Tejalben Shah of NJ.

I believe I capt of having his darshan and satsang at Allentown also. A wonderful divine soul committed, dedicated and totally pure to the core. He lived a life of trasperancy. Lived with Seva. Suhradta, Samarpan. May His departed soul rest in ever lasting peace and supreme blessedness.

Jai Sri Swami Narayan.

**Swami Adhyatmananda.**

|| SWAMISHREEJI ||
JAY GURUHARI PAPPAJI
SHREE GUNATIT JYOT MAHILA KENDRA
PAPPAJI MARG, P.O.BOX.NO.23, VALLABH VIDYANAGAR - 388120 GUJARAT
☎ : (02692) 230163, 236646 FAX : 236694
E-mail : gunatitjyot68@gmail.com visit us : www.gunatitjyot.org

....પૂનમભાઈ ખૂબ સેવાભાવી, જ્યોતનાં બહેનોની ખૂબ મહિમાથી સેવા કરી છે. છેલ્લા શ્વાસ સુધી તેઓની સેવા ચાલુ જ હતી. પૂ. પૂનમભાઈના ઓચિંતા અક્ષરધામગમનના સમાચારથી જ્યોતનાં બહેનો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ અને ગુણાતીત સમાજના સહુ મુક્તોએ ખરેખર આઘાતની લાગણી અનુભવી છે. 'યથા નામ તથા ગુણ' એ વાતનું દર્શન તેમના વર્તનમાં હંમેશા જોવા મળતું...

૧૧ ઑક્ટો-૨૦૨૦

Chandrakant P. Patel (Prof.)
310 Roscommon Dr.
Bristol, TN 37620-3048

**પૂજ્ય સાહેબ અને સંતગણ,**

પૂજ્ય પૂનમભાઈનું અક્ષરધામ પ્રયાણ જાણ્યું. સમર્પિને બદલે અષ્ટ સખા મારે મન અષ્ટર્ષિ છે. આધ્યાત્મિક આકાશમાં, ભક્તો-સત્સંગીઓના અંતરાકાશમાં તે સદા પ્રકાશતા રહેશે. પૂ. પૂનમભાઈ અને પૂ. રતિકાકા એક જ સિક્કાની બે બાજુ જેવા. નમ્રતાનું, મૂક સેવાનું, સાહેબને ગમતું ગમાડનાર એક મૂર્તિશા. પૂ. પૂનમભાઈ ભલે અક્ષરધામ પહોંચ્યા હો, એમનો પવિત્ર આત્મા એમની નમ્રતાની સુવાસ, અનુપમ-વૃત્તિ, પ્રવૃત્તિ અને ભક્તિમાં સદા ભળશે અને એ રીતે સૌને એમનું સામીપ્ય-સાંનિધ્ય સાંપડશે.

પૂ. સાહેબમાં યોગીબાપા અને તેમાં ભગવાન સ્વામિનારાયણની અનુભૂતિ કરતો તેમનો આત્મા અહીં જ હશે.

~ ચંદ્રકાન્ત